જેવું જ હતું. બીજી લગભગ કોઇ ગુજરાતી વેબસાઇટ આટલો ખર્ચ કરી શકે તેમ નહોતી. પરિણામે વેબસાઇટની બધી જવાબદારી ભાષા અને રજૂઆતના જાણકારોના બદલે આંધળૂંકિયાં કરીને ભરાઇ પડેલા બિઝનેસમેનના માથે જ રહી.

આ કારણે મોટા ભાગની ગુજરાતી વેબસાઇટ સૂરસૂરિયાં પૂરવાર થઇ. જે થોડી ઘણી ગુજરાતી વેબસાઇટ ઇન્ટરનેટ પર જીવિત રહી શકી છે, તેમાંની ઘણી ખરી ગુજરાત સરકારની વેબસાઇટ્સ છે. તેમની ગુજરાતી ભાષા વિશે જેટલું ઓછું લખીએ એટલું સારું છે. અપવાદરૂપે, 'વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન' (વાસ્મો) નામની ગુજરાત સરકારે રચેલી એક સ્વાયત્ત સંસ્થા ગુજરાતમાં પાણી અને સ્વચ્છતા વિશેની માહિતીનું લગભગ પોર્ટલ કહી શકાય એવી એક વેબસાઇટ તૈયાર કરી રહી છે. તેમાં, ફરી અપવાદરૂપે, વિષય નિષ્ણાતો ઉપરાંત ભાષા અને રજૂઆતના અનુભવીઓની પણ મદદ લેવામાં આવી રહી છે. એ સિવાય, અખબારો અને સામયિકોની ગુજરાતી વેબસાઇટ જોવા મળે છે અને વિદેશોમાં ખાસ્સી લોકપ્રિય છે. તેમાં પણ, પ્રિન્ટમાં જેવી ગુણવત્તાનું અખબાર કે સામયિક, એટલી જ સારી કે નબળી ગુણવત્તાની એમની વેબસાઇટ, એવું સાદું ગણિત સાબિત થતું જોવા મળે છે. હા, ધાર્મિક સંસ્થાઓની વેબસાઇટ પણ મોટા ભાગે અંગ્રેજીમાં જોવા મળે છે. તેમાં એક સુખદ અપવાદ સ્વર્ગારોહણ.ઓઆરજી છે. આ વેબસાઇટ, લેટેસ્ટ યુનિકોડમાં તૈયાર થઇ છે અને ઘણા મોટા પ્રમાણમાં ધાર્મિક અને ચિંતનશીલ સાહિત્ય ગુજરાતીમાં ઉપલબ્ધ કરાવી આપે છે.

આ આખી કહાણીમાં એક રસપ્રદ ટ્વીસ્ટ પણ છે. જેમણે કમાણીના બદલે નિજાનંદ માટે ઇન્ટરનેટને માધ્યમ બનાવ્યું, તેઓ લાંબું ખેંચી ગયા. જેમ કે ફિલાડેલ્ફિયામાં રહેતા કિશોર રાવળ નામના એક સાહિત્યરસિકે કેસૂડાં.કોમ નામે વેબસાઇટ લોન્ચ કરી છે. આ વેબસાઇટ પર વાર્તા, લેખ, વાનગી, કવિતા, કલાને લગતા લેખ વાંચી શકાય છે. બને તેટલા ઓછા ખર્ચે, આકર્ષક વેબડિઝાઇનની માથાકૂટમાં પડ્યા વિના બનાવવામાં આવેલી આ વેબસાઇટનું જમા પાસું તેનું લખાણ જ છે. ૧૯૯૯માં શરૂ થયેલી આ વેબસાઇટ ૨૦૦૫નું વર્ષ જોઈ શકી છે અને, વેબસાઇટના મીટર પ્રમાણે અત્યાર સુધીમાં તેને લગભગ અડધા લાખ લોકો જોઈ ચૂક્યા છે.

વડોદરામાં રહેતા મૃગેશભાઇ શાહે રીડગુજરાતી.કોમ નામે એક માસિક વેબમેગેઝિન શરૂ કર્યું છે. પ્રોફિટના ધ્યેય વિના, સમાજ માટે કંઇક ઉપયોગી, સારું વાંચન આપવાના આશયથી શરૂ કરવામાં આવેલું આ વેબમેગેઝિન અત્યાર સુધીમાં પાંચ હજાર લોકો સુધી પહોંચી શક્યું છે. પ્રિન્ટમાં 'ઠીકઠીક' કહી શકાય એવું સામયિક શરૂ કરવા માટે પણ લાખોની મૂડી જોઇએ, જ્યારે ઇન્ટરનેટ તેનાથી બહુ ઓછા ખર્ચે પોતાનું સામયિક શરૂ કરવાનો સંતોષ આપે છે. મૃગેશભાઇ આ તકનો સરસ ઉપયોગ કરી શક્યા છે.

ઇન્ટરનેટ પર હવે 'બ્લોગ' નામની એક નવી પ્રવૃત્તિ પણ શરૂ થઇ છે. વેબડિઝાઇનિંગની કોઇ ખાસ જાણકારી કે ટેકનિકલ માહિતી ન હોય તો પણ કોઇ પણ પોતાનું લખાણ ફટાફટ ઇન્ટરનેટ પર મૂકી શકે



છે. ગુજરાતીમાં પણ આવા બ્લોગ શરૂ થયા છે. 'ફોર એસવી - પ્રભાતનાં પુષ્પો' નામે, ગુજરાતી સાહિત્યના એક શોખીને ગમતાં ગુજરાતી ગીતો અને કવિતાઓને પોતાના બ્લોગમાં મૂકવાની હોબી કેળવી છે. પરંતુ મોટા ભાગે આવા પ્રયાસો બહુ મર્યાદિત રહ્યા છે અને એમની પહોંચ પણ બહુ સીમિત રહી છે.

એટલું સખેદ નોંધવું જ રહ્યું કે તમિલ, તેલુગુ, હિન્દી વગેરે ભાષામાં ઇન્ટરનેટનો જેટલો વપરાશ અને એ માટેની સજ્જતા જોવા મળે છે એટલી ગુજરાતીમાં જોવા નથી જ મળતી. હજી આપણે ઇન્ફર્મેશન ટેકનોલોજી એટલે ઇન્ટરનેટ એવી ટૂંકી અને ખોટી સમજમાંથી જ બહાર આવ્યા નથી. ભાષાનું ગૌરવ, જિજ્ઞાસા, ટેકનોલોજીની સમજ... એ બધું વિકસશે ત્યારે કંઇક મેળ પડે તેવું લાગે છે.

ઇન્ટરનેટના ઓટલે આપણે ગુજરાતીઓ કેટલુંક સ્થાન મેળવી શક્યા છીએ, તે આ ઉદાહરણ પરથી ખબર પડશે. ઇન્ટરનટે પર વીકિપીડિયા.ઓઆરજી નામે એક નિ:શુલ્ક, વિશ્વજ્ઞાનકોષ (એન્સાયક્લોપીડિયા) તૈયાર કરવાનું અભિયાન ચાલી રહ્યું છે. જેને મન થાય, જે ભાષામાં મન થાય એ ભાષામાં લેખ મોકલી શકે એવું આ અભિયાન છે. ૨૦૦૧માં બે સાહસિકોએ તેની શરૂઆત કરી. ડિસેમ્બર ૨૦૦૪ સુધીમાં તેમાં ૧૩,૦૦૦ લોકો સક્રિય યોગદાન આપવા લાગ્યા. તેમાં ૧૦૦થી વધુ ભાષામાં ૧૮ લાખથી વધુ લેખ પર કામ ચાલી રહ્યું છે. તેમાંથી સાતેક લાખ લેખ અંગ્રેજીમાં છે. હિન્દી, મરાઠી, તમિલ અને તેલુગુ ભાષામાં તેમાં ૧,૦૦૦થી વધુ લેખ છે. સંસ્કૃતમાં પણ ૬૦૨ લેખ છે અને ગુજરાતીમાં? ના, બિલકુલ નથી એવું નથી, ૧૪૯ લેખ તો છે.

બીજું એક ઉદાહરણ. ઇન્ટરનેટ પર ગુગલ નામે એક અફલાતૂન સર્ચ એન્જિન છે. અલ્લાદિનના ચિરાગ જેવા આ સર્ચ એન્જિનમાં તમે જે શબ્દ કહો, એ શબ્દ ઇન્ટરનેટ પરની લાખો-કરોડો વેબપેજીસમાં શોધીને એ તમામનું લિસ્ટ તમારી સમક્ષ હાજર કરી દે છે, સેકન્ડના અમુક ભાગમાં. આ સર્ચ એન્જિનમાં પ્રાદેશિક ભાષામાં માત્ર યુનિકોડની મદદથી સર્ચ કરી શકાય છે, મતલબ કે યુનિકોડમાં તૈયાર કરેલી વેબસાઇટનો અંદાજ મળી શકે. પરંતુ એ વાત બધી ભાષાને લાગુ પડતી હોવાથી એક ટ્રેન્ડ તો ચોક્કસ પકડી શકાય. હવે ધ્યાનથી વાંચજો - આ સર્ચ એન્જિનમાં હિન્દી ભાષામાં ભારત લખીએ તો ૦.૧૨ સેકન્ડમાં અઢી લાખ વેબપેજનું લિસ્ટ તૈયાર થાય છે, અંગ્રેજીમાં ગુજરાત લખીને સર્ચ કરીએ તો ૦.૧૦ સેકન્ડમાં ૨૧ લાખ વેબપેજનું લિસ્ટ મળે છે અને ગુજરાતીમાં ગુજરાત લખીને સર્ચ કરીએ તો ગણીને ૩૧૫ વેબપેજ મળે છે.

હવે તમે જ નક્કી કરો કે વિશ્વની આજ અને આવતીકાલ જેના પર નિર્ભર છે તે ઇન્ટરનેટ પણ આપણી ભાષા અને આપણે ક્યાં છીએ?

*(નોંધ : કેટલીક ખાસ નોંધવા જેવી, ગુજરાતી વેબસાઇટનો ઉલ્લેખ અહીં રહી ગયો હોય એ તદ્દન શક્ય છે. આવી, સારી વેબસાઇટ સહેલાઇથી સર્ચ કરી શકાતી નથી અને લોકોની ઝીણી નજરની પણ બહાર રહી જાય છે, એ પણ પ્રાદેશિક ભાષામાં ઇન્ટરનેટ વપરાશની એક મર્યાદા બતાવે છે.)* ■